ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ : યુનિગુજરાત

Fax : (૦૭૯) ૨૬૩૦ ૨૬૫૪
Phone : ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૬૩૦૦૧૨૬ - ૨૬૩૦૦૬૬૪
Telegra : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. ૪૦૧૦,
NAVARANGPURA, AHMEDABAD-૩૮૦૦૦૯

નં.પરીક્ષા/ ૧૮૧૯ /૨૦૧૨

તારીખ.૧૮/૯/૨૦૧૨

***પરિપત્ર નં. : ૧૭૯***

આથી યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, કોમર્સ, સાયન્સ, બી.બી.એ. અને બી.સી.એ. કોલેજા આચાર્યશ્રીઓને જણાવવાનું કે, બી.એ. બી.કોમ., બી.એસસી., બી.બી.એ., અને બી.સી.એ., સેમે-૧ થી ૪માં આવતા વિષયોમાં જે વિષયમાં પ્રેકટીકલની જોગવાઇ હોય તે વિષયમાં યુનિવર્સિટી પરીક્ષા જે તે કોલેજનાં આચાર્યશ્રીની અધ્યક્ષતામાં નીચેની માર્ગદર્શિકા મુજબ યોજવાની રહેશે.

(૧) જે વિષયોમાં પ્રેકટીકલની જોગવાઇ હોય તે વિષયની પ્રેકટીકલની આંતરિક પરીક્ષા સાથે યુનિવર્સિટી સેમેસ્ટર અંતની (End Semester) પરીક્ષા કોલેજને અનુકૂળ નિયત સમયમાં યોજવાની રહેશે.

(૨) જે તે વિષયના પ્રેકટીકલ પરીક્ષાનાં ૩૦ ગુણ આંતરિક પરીક્ષાના અને ૭૦ ગુણ બાહય પરીક્ષાના અલગ અલગ ગુણ પત્રક બનાવવાના રહેશે. જે આંતરિક કસોટીના ગુણ મોકલવા અંગેની સીડીમાં એન્ટ્રી કરી અને સાથે હાર્ડ કોપીમાં જમા કરાવવાનાં રહેશે.

(૩) આંતરિક અને બાહ્ય બંન્ને પ્રેકટીકલ પરીક્ષા કોલેજના અધ્યાપકો દ્વારા લેવાની રહેશે. આચાર્યશ્રી કે જે તે વિષયના વડાશ્રીને જરૂરી જણાય તો અન્ય કોલેજોનાં અધ્યાપકોને બોલાવી શકાશે.

(૪) આ પ્રેકટીકલ પરીક્ષાના તમામ મહેનતાણાં અગાઉની માફક યુનિવર્સિટી દ્વારા ચૂકવવામાં આવશે.

(૫) જે તે કોલેજના આચાર્યશ્રી તે કોલેજમાં ચાલતી બધી જ પ્રેકટીકલ પરીક્ષાનાં કેન્દ્ર સંચાલક તરીકે કાર્ય કરશે. જે માટે જે તે વિષયમાં વધુમાં વધુ દિવસો માટે ચાલતી પરીક્ષાનાં દિવસો માટેનું ફકત એક જ સળંગ બિલ આચાર્યશ્રીને યુનિવર્સિટી દ્વારા ચૂકવવામાં આવશે.

(૬) જે વિદ્યાર્થીઓ પ્રેકટીકલ પરીક્ષામાં નાપાસ થયેલ હોય અથવા કોઇ કારણસર ગેરહાજર રહેલ હોય તેવા વિદ્યાર્થીઓની પુનઃ પરીક્ષા લેવાની રહેશે. પુનઃ પરીક્ષા માટે વિદ્યાર્થીએ યુનિવર્સિટી પ્રેકટીકલ પરીક્ષા ફી ભરવાની રહેશે. જે પૈકી વિદ્યાર્થી દીઠ રૂ.૧૦૦/- કોલેજને ફાળવવામાં આવશે. જેમાંથી પુનઃ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે. આ અંગે વધારાનું કોઇ બીલ યુનિવર્સિટી દ્વારા મંજૂર કરવામાં આવશે નહીં.

(૭) સેમેસ્ટર-૫ અને ૬ની પ્રેકટીકલની પરીક્ષા યુનિવર્સિટી દ્વારા રાબેતા મુજબ જ લેવામાં આવશે.

(રાજેશ પટેલ)
**કા.પરીક્ષા નિયામક**